## રેલવે સ્ટેશન પર ભીખ માગતી હતી

# યુપીની માનસિક વિકલાંગ મહિલા ભરૂચથી મળી આવી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સખી સ્ટોપ સેન્ટર પર મધ્ય રાત્રિ સમયે આવેલાં અરજદાર બહેનનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું હતું કે, આ બહેન ગોખલી લાલાપર થાણા ખીપીજંગ જિલ્લો ગોરખપુર ઉત્તર પ્રદેશના છે. તેમની હાલત ખૂબ ખરાબ હતી. જેથી તેમણે આશ્રય આપી જરૂરિયાતની કીટ આપવામાં આવી હતી.ત્યારબાદ બીજા દિવસે કાઉન્સેલિંગ કરતાં જાણવા મળ્યું કે જન સેવા પ્રભુ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હાસોટ પોલીસમાં થકી સખી સ્ટોપ સેન્ટર પર લાવવામાં આવી હતી. બહેન સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે તેમના વારસદારમા કોઈ નથી અને કોઈ સગા સંબંધી પણ નથી અને પોતે માનસિક દિવ્યાંગ છે. જેઓ આશરે ત્રણ ચાર મહિનાથી ઘરેથી સંઘ સાથે નીકળી ગયા હતા. અને રેલ્વે સ્ટેશન પર ભીખ માગીને રહેતા હતા. માટે તેઓને આશીર્વાદ માનવ મંદિર ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે રીફર કરવામાં આવ્યા છે.

**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વરમાં વાહન ચોરીમાં સંડોવાયેલ બે આરોપી ઝડપાયા

| અંકલેશ્વર |

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસે વાહન ચોરીમાં સંડોવાયેલ બે આરોપીઓને બે મોપેડ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વર જીઆઈ ડીસી પોલીસ મથકના પીઆઈ આરએચ વાળા ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ઇ.એસ.આઈ. સી.હોસ્પિટલ કોલોનીના ગેટ પાસે બે ઈસમો બે એકટીવા લઈ શંકાસ્પદ હાલતમાં ઉભેલ છે જેવી બાકીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને કોંઢ ગામના સ્ટેશન ફળિયામાં રહેતો સુનિલ પરબત નાયક અને જીતેન્દ્ર સુખદેવ મેરાડેની પકડી બંનેની મોપેડ અંગે પૂછપરછ કરતા તેઓએ સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે બંનેની અટકાયત કરી બંને વાહનો કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.ઝડપાયેલા ઈસમોએ મોપેડની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

**DATE: 01/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## તહેવારોને અનુલક્ષી પોલીસની જ્વેલર્સ એસોસિએશન સાથે બેઠક યોજાઇ

# અંકલેશ્વર શહેરમાં જ્વેલર્સની દુકાનોમાં સીસીટીવી કેમેરા ફરજિયાત રાખવા પડશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં સોના વેપારીઓએ દુકાનોમાં સીસીટીવી ફરજીયાત લગાવવા માટે તાકીદ કરાઈ હતી. એ ડિવિઝન પોલીસ મથકે જ્વેલર્સ એસોસિયેશન સાથેની બેઠકમાં પોલીસ અધિકારીઓએ વિવિધ સૂચનો કર્યા હતાં.

અગામી દિવસોમાં નવરાત્રિ અને દિપાવલીના તહેવારો આવી રહયાં છે ત્યારે સોના-ચાંદી સહીતની વસ્તુઓની ખરીદી માટે લોકોની ભીડ ઉમટી પડશે. ભીડને કારણે ચોરી અને લૂંટફાટ તથા ચીલઝડપના બનાવો વધી જતાં હોય છે ત્યારે પોલીસ વિભાગ અત્યારથી સતર્ક બની ગયું છે. એ ડિવિઝન પીઆઇ પી.જી.ચાવડાની હાજરીમાં જવેલર્સ એસોસીએશનની બેઠક યોજવામાં આવી હતી જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી જવેલર્સ હાજર રહયાં હતાં. દિવાળી સમયે ચીલ ઝડપ , ચોરી, લૂંટ જેવા બનાવોને ગુનેગારો અંજામ અપાતા હોય છે. આવા સમયે સાવચેત રહી આવા



બનાવો કેવી રીતે અટકાવી શકાય તે માટે જરૂરી સૂચનો પોલીસ વિભાગ તરફથી કરવામાં આવ્યાં હતાં. એસોસીએશન તરફથી તહેવારોના સમયે બજારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે તથા પુરતો સ્ટાફ ફાળવવામાં આવે તેવી રજૂઆત કરાઇ હતી. એસોસીએશનના ઉપપ્રમુખ વિનોદ સોની અને સભ્યો તેમજ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 02/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા ચેકિંગ કરાયું

# અંકલેશ્વરની સબજેલમાં કેદીઓ પાસેથી ૫ મોબાઈલ મળી આવ્યા

। અંકલેશ્વર ।

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ કરતા અંકલેશ્વરસબજેલમાંથી પાંચ મોબાઈલ મળી આવ્યા છે.

ભરૂચ SOGના અધિકારીઓએ જેલમાં સરપ્રાઈઝ ચેકિંગ કર્યુ હતું. જેમાં વિવિધ સેલમાંથી પોલીસને ૫ મોબાઈલ ફોન મળી આવ્યા છે. પોલીસે ચેકીંગ દરમ્યાન જેલર વિપુલ સોરઠીયાની ઓફિસની પહેલા આવેલી રૂમમાં આઠ કેદીઓ હાજર હોઈ તેઓની તપાસ કરતા ટેબલના ડ્રોઅરમાંથી મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પોલીસે રૂા.૪૦ હજારની કિંમતના ૫ મોબાઈલ કબજે કર્યા હતા.

પોલીસે આ મામલામાં એન. ડી.પી.એસ.એકટના ગુનામાં સંડોવાયેલા ચિંતન પાનસુરીયા, અપહરણના ગુનામાં સંડોવાયેલા ભૌતિક લુણગરીયા, વિપુલ ભાદાણી, દીપ પટેલ અને ચિરાગ પટેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

**DATE: 02/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### નવરાત્રિ અને દિવાળીના તહેવારોમાં

# ચીલઝડપના અટકાવવા બેન્ક મેનજરો સાથે પોલીસની બેઠક

। અંકલેશ્વર ।

નવરાત્રી અને દિવાળીના સમયમાં ચોરી અને ચીલઝડપના વધતા બનાવો અટકાવવા માટે અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ મથક ખાતે વિવિધ બેંકના મેનેજર સાથે બેઠક યોજાઈ હતી.

આગામી સમયમાં નવરાત્રિ અને દિવાળીના તહેવારો આવી રહ્યા છે. ત્યારે બેંકમાં નાણાકીય વ્યવહારો વધતા ચોરી અને ચીલઝડપના બનાવો પણ બને છે. આવા બનાવો અટકાવવા અંકલેશ્વર શહેર ડિવિઝન પોલીસ મથક ખાતે પો. ઈન્સ્પેક્ટર પી.જી.ચાવડાની અધ્યક્ષતામાં બેંકના અધિકારીઓની બેઠક મળી હતી.

જેમાં તહેવારો દરમિયાન ભીડભાડ સમયે રાખવાની તકેદારી અંગે બેંકના કર્મચારીઓ અને સત્તાધીશોને સૂચના આપવામાં આવી હતી. કોઈ શંકાસ્પદ હિલચાલ જણાય તો તરત જ પોલીસનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં વિવિધ બેંકના મેનેજર તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ પોલીસે વિવિધ જ્વેલરી શોપના માલિકો સાથે પણ બેઠક કરી હતી અને જ્વેલરીશોપમાં સીસીટીવી લગાવવા સૂચના આપી હતી

**શંકાસ્પદ હિલચાલ જણાય તો પોલીસનો સંપર્ક કરવો**

**DATE: 02/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે 1 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : ચાર તસ્કરો હજી ફરાર

# અંકલેશ્વરની બે કંપનીમાં થયેલી ચોરીના ગુનામાં ત્રણની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં પ્રિન્સ એન્જિનિયરિંગ તેમજ ભાવિક મશીનરી કંપની થયેલચોરીનો ભેદ ઉકેલી પોલીસે 3 આરોપીની ધરપકડ કરી છે.

એલસીબીની ટીમે બાતમીના આધારે અગાઉ ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ આરોપી દિનેશ વસાવા પર નજર રાખી હતી. તે યોગી એસ્ટેટમાં બે ઈસમો સાથે પાઈપ તથા પ્લેટ સગેવગે કરતો જોવા મળતાં દરોડો પાડી તેને તથા તેના



સાગરિતોને ઝડપી લેવાયાં હતાં. આરોપીઓએ ભાવિક એન્જીનીયરીંગમાં ચોરી કર્યા બાદ ભંગાર લલિત પટેલ નામના ભંગારીયા વેચી દીધો હતો.પોલીસે ભંગારીયા ની ધરપકડ કરી તેની પાસેથી ચોરી નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.પોલીસે આ મામલામાં રવિ મેકવાન, દિનેશ ઉર્ફે ધીરૂ વસાવા અને લલિત પટેલની ધરપકડ કરી હતી. જીગો રાઠોડ, શૈલેષ રાઠોડ, સુરેશ વસાવા, બકો વસાવા , નેપાલી,અને ફાન્સીસ ઉર્ફે ફ્નોને વોન્ટેડ જાહેર કર્યા હતાં. ઝડપાયેલા આરોપીઓ પાસેથી મોપેડ અને ચોરીનો સામાન મળી કુલ 1.53 લાખ જપ્ત કરાયો છે.આરોપી સામે નેત્રંગ અને ઝગડીયા માં 7 જેટલા ચોરી, દારૂ, મારામારી જુગારના ગુનો નોંધાયેલાં છે.

**DATE: 03/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### જરૂરી આધાર-પૂરાવા વિના વહન કરાતું હતું

# સાયખામાં શંકાસ્પદ કેમિકલ ટેન્કર સાથે ડ્રાઈવરની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | વાગરા

ભરૂચના વાગરા પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન અંગત બાતમીદારથી માહિતી મળી હતી કે સાયખાની ગ્લોબેલા ચોકડી નજીક એક શંકાસ્પદ કેમિકલ ભરેલ ટેન્કર હોવાની બાતમી મળી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા ટેન્કર ઉભેલું જોવા મળ્યું હતું. ડ્રાઈવરને હાજર રાખીને તપાસ કરવામાં આવતાં ટેન્કરમાં 27 ટન કેમિકલ હોવાનું જણાયું હતું. કેમિકલ બાબતે ડ્રાઈવર યોગ્ય જવાબ આપી ન શકતા તેની અટકાયત કરવામાં આવી હતી. ટેન્કરના ડ્રાઈવરનું નામ પ્રદિપ યાદવ છે અને તે હાલ અંકલેશ્વરના સારંગપુર ગામમાં રહે છે. અંકલેશ્વરથી કેમિકલ લાવવામાં આવ્યું હોવાની આશંકા છે. છેલ્લા ઘણા સમયથી સાયખા જીઆઈડીસીમાં જોખમી કેમિકલનો જાહેરમાં નિકાલ કરી દેવાતો હોવાની વ્યાપક બૂમો ઉઠી છે ત્યારે આ કેમિકલ કયું છે અને તેને અહીં શા માટે લાવવામાં આવ્યું હતું તેની પોલીસ તપાસ કરી છે. ડ્રાઈવર મુળ યુપીનો છે પણ હાલ અંકલેશ્વર રહેતો હોવાથી કેમિકલ અંકલેશ્વરથી આવ્યું હોવાની પણ સંભાવના છે.

**DATE: 03/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## અંકલેશ્વરમાં પોલીસ અને આયોજકો વચ્ચે બેઠક

# મેદાનો પર પાર્કિંગ, ફાયર સેફટીની વ્યવસ્થા ફરજિયાત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એડિવિઝન પોલીસ સ્ટેશનમાં પી.આઈ. જાડેજાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિના સભ્યો અને ગરબા આયોજકોવચ્ચે બેઠક યોજવામાં આવી હતી.

આયોજકોને ગરબા સ્થળ પર ફાયર સેફટી. પૂરતી પાર્કિંગ વ્યવસ્થા, સી સીટીવી તેમજ આરોગ્ય લક્ષી સેવા ઉભી કરવા સાથે એનઓસી લેવા માટે તાકીદ કરવામાં આવી હતી. ગરબામાં દીકરીઓની સુરક્ષા પર ભાગ મુકતા પોલીસની મહિલા કર્મચારીઓનીટીમ ગરબા સ્થળ પર અંદર અને બહાર રહેશે તો પોલીસ વ્યવસ્થા પણ અંદર અને બહાર રહેશે.

શેરી ગરબા માં પણ પોલીસ સુરક્ષા પુરી પડશે. ગરબા ગ્રાઉન્ડ ખાતે 108 તેમજ ઈમરજન્સી સેવા માટે એમ્બ્યુલન્સ પણ રાખવા તાકીદ કરવામાં આવી હતી. ગરબા માં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે આયોજકો દ્વારા પૂરતી તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી હતી. વધુ માંગરબા મહોત્સવ દરમિયાન શાંતિ પૂર્ણ રીતે ઉજવાય અને કોમી વૈમનસ્ય ના ફેલાઈ તે રીતે સમગ્ર ઉત્સવ ઉજવાય તેમાટે અપીલ કરી હતી.

**DATE: 03/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

ભરૂચમાં દાયકા બાદ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે ગરબા, પોલીસ વિભાગનું આયોજન

# આજથી નવરાત્રી : શક્તિની ઉપાસના સાથે ગમતીલા ગરબાનો સુભગ સમન્વય

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ અને નર્મદા જિલ્લામાં આજથી નવલા નોરતાનો પ્રારંભ થવા જઈ રહયો છે. ખેલૈયાઓની સાથે પોલીસ પણ દીકરીઓની સુરક્ષા માટે સજ્જ બની છે. અંબાલાલ પટેલે કરેલી વરસાદની આગાહી વચ્ચે ગરબા મેદાનો ખાતે તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે.

ગાયક કલાકારો ખેલૈયાઓને ઝૂમાવવા માટે અવનવા ગરબાઓની પ્રેકટીસ કરી રહયાં છે. ગુરૂવારે રાતથી યુવાધન ગરબા મેદાનોમાં ઝૂમી ઉઠશે. ભરૂચમાં દાયકાઓ બાદ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે પોલીસ વિભાગ તરફથી ગરબાનું આયોજન કરાયું છે. દીકરીઓ સલામતી સાથે ગરબા રમી શકે તે માટે દરેક રાત્રિના 350થી વધુ પોલીસ જવાનોનો બંદોબસ્ત રહેશે અને દરેક પોલીસ સ્ટેશનમાંથી સ્ટાફને બોલાવવામાં આવશે. ડીવાયએસપી, પીઆઈ-પીએસઆઈ તેમજ પોલીસ જવાનો સહિત 350થી વધુ પોલસકર્મીઓનો બંદોબસ્ત રહેશે. ઉપરાંત મહિલાઓની સુરક્ષાને લઈને શી-ટીમ તેમજ બોડી વોર્મ કેમેરા સાથે પણ જવાનો તૈનાત રહેશે. હોસ્ટેલ ગ્રાઉન્ડ ઉપરાંત ભરૂચમાં પટેલ સોસાયટી, રીધમ પાર્ટી પ્લોટ, અંબિકાનગર, સિધ્ધનાથ નગર, અયોધ્યાનગર સહિતની સોસાયટીમાં ગરબા મહોત્સવનું આયોજન કરાયું છે.



## બ્રેથ એનેલાઈઝરથી પણ ચેકિંગ કરાશે

ગરબા ગ્રાઉન્ડમાં મહિલાઓની સુરક્ષાને લઈને પોલીસ વિભાગ સતર્ક છે. ત્યારે ગરબા ગ્રાઉન્ડમાં શંકાસ્પદ વ્યક્તિઓનું બ્રેથ એનેલાઈઝરથી ચેકિંગ કરાશે. ઉપરાંત ટ્રેડિશનલ એચએચએમડીથી લોકોનું ચેકિંગ કરવા સાથે તેમના વાહનોનું પણ ચેકિંગ કરવામાં આવશે

## મહિલા પોલીસ ચણિયાચોળીમાં

અંકલેશ્વર સહિત જિલ્લામાં મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને ખાસ સુરક્ષા બંદોબસ્ત માટે ગરબા માં ચણિયા-ચોળી કે પછીપારંપારિક પહેરવેશ પહેરીને મહિલા પોલીસની શી-ટીમના કર્મચારીઓ સામાન્ય લોકોની જેમ જ ગરબે રમશે.

## નવરાત્રીએ મોકો નહિ પણ સૌની સહયારી જવાબદારી



ફર્સ્ટ પર્સન

પ્રકૃતિ ઝણકાટ, પીઆઇ, તાલુકા પોલીસ સ્ટેશન

ભરૂચ । નવલા નોરતાની આજથી શરૂઆત થવા જઈ રહી છે ત્યારે દરેક વાલીઓને તેમની દીકરીઓની ચિંતા સતાવતી હોય છે. હોસ્ટેલ ગ્રાઉન્ડ તથા અન્ય તમામ સ્થળોએ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. નવરાત્રીએ મોકો નહિ પણ સૌની સહિયારી જવાબદારી હોવાથી આપણે પણ થોડી કાળજી રાખવી પડશે. કોઈપણ મહિલાની પરવાનગી વગર ફોટો કે વિડીયો ઉતારવો એ આઈટી એક્ટ અંતર્ગત ગુનો બને છે.કોઈ વ્યક્તિ છુપી રીતે તમારો વિડીયો કે ફોટોના લે તેનું ધ્યાન રાખવું.સોશિયલ નેટવર્કિંગ સાઈટ દ્વારા સંપર્કમાં આવેલી વ્યક્તિ સાથે મુલાકાતમાં સાવચેતી રાખો કોઈ અજાણી વ્યક્તિ સાથે અવાવરી જગ્યાએ જવું નહીં જ્યાં પણ ગરબા રમવા જાઓ તે જગ્યાની માહિતી ઘરે આપીને જાઓ અને પોતાનું લોકેશન હંમેશા ઓન રાખો અજાણ્યા માણસ પાસેથી લિફ્ટ લેવાનું ટાળો ગરબા દરમિયાન કોઈપણ દીકરીને તકલીફ પડે તો પોલીસ હેલ્પલાઈન નંબર 100 અથવા હેલ્પલાઈન નંબર 181 ડાયલ કરી શકો છો.કોઈ પણ સગીર વયની છોકરીને તેની વાલીની જાણ બહાર એકાંતમાં લઈ જવી પોક્સોનાં કાયદા હેઠળ ગંભીર ગુનો છે. દરેક ગરબા મેદાન ખાતે મહિલા પોલીસની ટીમો હાજર રહેશે અને શકય તમામ મદદ કરશે.

## સમયની સાથે આ પણ બદલાયું : ભાડેથી ચણિયાચોળીની માગ વધી

નવલા નોરતાના નવે નવ રાત્રીએ અલગ અલગ ચણિયાચોલી યુવતીઓ તથા મહિલાઓ પહેરતી હોય છે. ચાલુ વર્ષે ચણિયાચોલીના ભાવ 2,500 થી શરૂ થઈ 10,000 સુધીના હોવાથી એક દિવસના 500 થી 700 રૂ.ના ભાડાથી ચણિયાચોલી લેવાનું પસંદ કરાઈ રહ્યું છે.

### પરંપરાગત ગરબાને બદલે ગીતોની ડીમાન્ડ

ચાલુ વર્ષે ગણેશ વિસર્જનમાં પણ ગરબાના બદલે હિન્દી ગીતો વધારે વાગતા જોવા મળ્યાં હતાં. છેલ્લા બે મહિનાથી ગરબાની પ્રેકટીસ કરી રહેલાં ગાયક કલાકારોએ જણાવ્યું હતું કે, ગરબાની સાથે ગીતોની પણ ડીમાન્ડ ખેલૈયાઓ કરે છે.

**DATE: 04/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-05**

# ભરૂચનો મોબાઈલ ચોર ઝડપાયો

ભરૂચઃ ભરૂચ એસ.ઓ.જી સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસમથકના મોબાઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલો અજય લક્ષ્મણ દંતાણી (ઉં.વ.35) અમદાવાદના સાણંદના તાજપુર ગામના સોહમપાર્કમાં રહે છે. જેને રૂ.5 હજારના મોબાઈલ ફોન સાથે પોલીસે ઝડપી પાડ્યો હતો.

DATE: 04/10/2024 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-04

### ભરૂચ જિલ્લામાં ગરબા મહોત્સવો ફરતે સુરક્ષા પ્રદાન કરાશે

# નવરાત્રી પર્વે મહિલાઓને ખાખીનું કવચ, 1 વાગ્યા સુધી અભયમ તૈનાત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નવરાત્રી પર્વને લઈને યુવક અને યુવતીઓ અને બાળકોમાં ગરબે ઘુમવા માટે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે જિલ્લા પોલીસ વિભાગ તરફથી મહિલાઓ અને યુવતીઓ શાંતિ અને સલામતીના માહોલમાં ગરબા રમી શકે તે માટે ભરૂચ પોલીસ વેલ્ફેર સોસાયટી એ સેફ એન્ડ સિક્યોર નવરાત્રી નું પણ આયોજન કરાયું છે. નવરાત્રીમાં કોઈ પણ ઘટના ન બને તે માટે પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. ત્યારે જિલ્લામાં સેવા આપતી અભયમ 181 મહિલા હેલ્પ લાઈનની ટીમ ગરબા ગ્રાઉન્ડ પર નવે નવ દિવસ મહિલાઓને મદદ, માર્ગદર્શન અને બચાવ માટે તૈનાત રહેશે.

નવરાત્રી પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓ મોટી સંખ્યામાં ગરબા સ્થળે એકત્રિત થાય છે

તેમની સાથે કોઈ પણ અનિચ્છનીય ઘટના બને નહીં અને સુરક્ષિત રીતે ગરબામાં ઝૂમી શકે તે માટે રાત્રિના 1 વાગ્યા સુધી ખડે પગે રહેશે.કાઉન્સીલર નીતા વસાવાએ જણાવ્યું હતું કે,મહિલાઓ અને યુવતીઓએ ગરબામાં પરિચિત ગ્રુપ સાથે રહેવું, કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે નાસ્તો કે પીણું પીવું નહી,વધુ વ્યક્તિની અવરજવર હોય તે રસ્તો પસંદ કરવો સહિતની તકેદારી રાખવી જોઈએ.

**DATE: 04/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-09**

# પાલેજ પોલીસ દ્વારા તસ્કરોની અફવાઓથી દુર રહેવા અપીલ

પાલેજ : ભરૂચના પાલેજ પોલીસ મથકમાં એક મિટીંગ યોજાઈ હતી છેલ્લા થોડા દિવસોથી તસ્કરો ચોરી કરવા આવતા હોવાની લોકચર્ચાએ જોર પકડયુ છે. ત્યારે ભરૂચના પાલેજ પોલીસ મથકમાં પીઆઈ આર.એમ.વસાવાની અધ્યક્ષતામાં પાલેજ ટાઉનના વેપારીઓ સાથે એક મિટીંગ યોજાઈ હતી. પાલેજ પોલીસ મથકના વિસ્તારમાં આવેલા વિસ્તારના આગેવાનો, પ્રતિષ્ઠીત નાગરિકો તેમજ ગરબા આયોજકો તથા જ્વેલર્સ, બેંક કર્મચારીઓ સાથે મીટીંગ યોજાઈ હતી.

મિટીંગમાં તાજેતરમાં ગામમાં ચોરી કરવા માટે તસ્કરો આવે છે તેવી અફવાઓ તાજેતરમાં ફેલાઈ હોય તે બાબતે હાજરજનોને અફવાઓથી દુર રહેવા તેમજ કોઈ વ્યકિત કે ટોળા દ્વારા કાયદો હાથમાં લેવામાં ન આવે તેમજ નવરાત્રિના તહેવાર અનુસંધાને સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ એટીએમ બેંક કર્મચારીઓને સંકલનમાં રહેવા અને કોઈ અનિચ્છિનીય બનાવ ન બને તેની તકેદારી રાખવી તેમજ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયુ હતુ.

**DATE: 04/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### સમગ્ર ભરૂચ જિલ્લામાં શેરી ગરબાથી મોટા કદના નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ

# આજથી ભરૂચ પંથકમાં નવલી નવરાત્રિની શરૂઆત

**ઉમંગનો અવસર** આ વરસે ભરૂચ પંથકમાં વડોદરા, સુરત, અમદાવાદ, મુંબઈથી ગાયકો તેમજ સાજિંદાઓ આવ્યા

। ભરૂચ ।

આજરોજ તા.૩-૧૦-૨૪ ના ગુરૂવારથી ભરૂચ પંથકમાં નવલી નવરાત્રીના મહોત્સવની શરૂઆત થઈ રહી છે.

છેલ્લા કેટલાય દિવસોથી ભરૂચ જિલ્લામાં નવરાત્રી મહોત્સવનું વાતાવરણ જામ્યુ હતુ. ઠેર ઠેર નવરાત્રી મહોત્સવ માટે પરંપરાગત પહેરવેશ યુવાનો ખરીદી રહ્યા હતા. આ વખતે નવરાત્રીના પરંપરાગત પહેરવેશની ખરીદી અંગેની તેજી જોતા નવરાત્રી મહોત્સવમાં યૌવનધન હિલ્લોળે ચઢશે એમ લાગી રહ્યુ છે તે સાથે નવરાત્રી મહોત્સવના આયોજકો ૧૫થી ૨૦ દિવસ પહેલા મહોત્સવના મેદાનને સમતલ કરવા તેમજ અન્ય ડેકોરેશન અંગેની તૈયારી કરતા જણાયા હતા.

વિતેલા દિવસોમાં ભરૂચ પંથકમાં વરસાદ ન વરસતા કાદવ-કિચડ ન જણાતા મહોત્સવના આયોજકોને સરળતા રહી હતી. પરંતુ હવામાન ખાતાની આગાહી એમ જણાવે છે કે, નવરાત્રી મહોત્સવના દિવસો દરમ્યાન વરસાદ વરસે તેવી સંભાવના નકારી શકાતી નથી. આ વરસે નવરાત્રી મહોત્સવ અંગે ભરૂચ પંથકમાં વડોદરા, સુરત, તેમજ અમદાવાદ અને મુંબઈથી ગાયકો તેમજ સાજીંદાઓ આવ્યા છે અને તેઓ નવરાત્રીની નવલી નવે નવે રાત્રિ દરમ્યાન ગરબા અને રાસની રમઝટ બોલાવશે. એટલુ જ નહી પરંતુ નવરાત્રી મહોત્સ્વના આયોજકોએ નવલી રાત્રિઓ દરમ્યાન વિવિધ સેલીબ્રીટીઓને પણ બોલાવવાનું આયોજન કર્યુ છે.

ભરૂચ પંથકમાં આ વરસે નવરાત્રી મહોત્સવમાં પરંપરાગત પહેરવેશ ધારણ કરીને આવનાર ખૈલેયાઓને પ્રવેશ આપવામાં આવશે. તો કેટલાક મહોત્સવમા હજી પણ પ્રવેશ અંગે પાસની જરૂરિયાત ઉભી થશે એમ જાણવા મળેલ છે. નવરાત્રી મહોત્સવ નિમિત્તે યોજાયેલ આ નવરાત્રીની રાત્રિઓમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## પોલીસ તંત્ર દ્વારા સેફ અને સિક્યોર નવરાત્રિ મહોત્સવનું આયોજન

નવરાત્રી મહોત્સવનું આયોજન ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પણ કરવામાં આવ્યુ છે જે અંગે ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના જણાવ્યા અનુસાર હોસ્ટેલ ગ્રાઉન્ડ ભરૂચ ખાતે સેફ એન્ડ સિક્યોર નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે ત્યારે ખૈલેયાઓ મનમુકીને મા અંબા જગદંબાની ભક્તિ કરી શકશે અને ગરબા તેમજ રાસની રમઝટ બોલાવવામાં આવશે. આવુ ભવ્ય આયોજન ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવેલ છે. નવલી નવરાત્રીની આ રાત્રિઓ દરમ્યાન ખાસ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે.

## નવરાત્રિ પર્વ દરમ્યાન સુરક્ષા અંગે ખાસ આયોજન

નવરાત્રીના મહોત્સવ દરમ્યાન મહિલાઓને મદદ, માર્ગદર્શન અને બચાવ માટે આગવી સુવિધા કરવામાં આવી છે. વુમન્સ હેલ્પલાઈન ૧૮૧ સપ્તાહના સાતેય દિવસ ૨૪ કલાક મફ્ત સેવા આપી રહી છે. ગરબા સ્થળે મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવતીઓને કોઈ મદદની જરૂર પડે તો તે માટે અભયમ રેસ્ક્યુ ટીમ મદદ માટે તૈનાત કરાઈછે જે ગરબાના સ્થળે ફરજ બજાવશે અને કોઈ અનિચ્છિનીય બનાવ ન બને તે માટે રાત્રિના ૨ વાગ્યા સુધી પેટ્રોલીંગ પણ કરશે.

**DATE: 05/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

નેત્રંગ-મોવી રોડ ઉપર

# ચોરી કરેલી સોલર સ્ટ્રીટ લાઇટની બેટરી સાથે બે શખ્સ ઝડપાયા

નેત્રંગ. તા.૪

નેત્રંગ પોલીસ સ્ટેશનના પીઆઈ અલગ અલગ ટીમ બનાવી વિસ્તારમાં તા.૩ ના રોજ વાહન ચેકિંગમાં હતા.

## બાઈક પર ચોરી કરેલી બેટરી વેચવા માટે જતાં હતા, કુલ રૂ. ૫૩ હજારનો મુદ્દામાલ કબજે લીધો

તે સમયે નેત્રંગ-મોવી રોડ ઉપર વેલકમ હોટલ પાસે વાહન ચેકિંગ દરમિયાન મોવી તરફથી આવી રહેલા આગળના ભાગે નંબર પ્લેટ વગરની બાઈક લઈ આવી રહેલ ચાલકને અટકાવી પુછપરછ કરી હતી.તેને પોતાનું નામ વિશાલ બાબુ વસાવા રહે નવી નગરી કુમસગામ પાછળ બેઠેલ શખ્સનુ નામ પુછતા તેનુ નામ મેહુલ સુરેશ વસાવા રહે રજવાડી ફળીયુ કુમસગામ તા.નાંદોદ જી નર્મદા જણાવેલુ બાઈક પર અલગ અલગ બે પ્લાસ્ટીક ના કોથળામા સોલર સ્ટ્રીટ લાઈટ માટે વપરાતી બેટરીઓ હોય છે.

જે અંગે પુછપરછ કરતા તેઓએ આધારકાર્ડ,લાયસન્સ, બેટરીના બિલ



રજુ કરેલના હોય ઉલટ તપાસ કરાતા સદર બેટરીઓ કુમસગામ ગ્રામ પંચાયતે સોલાર સ્ટ્રીટ લાઈટ માટે ફીટ કરેલી હતી. જયાથી ચોરી કરી નેત્રંગ તરફ ભગારમા વેચાણ કરવા આવતા હોવાની કબુલાત કરતા બન્નેની અટક કરી હતી.તેમની પાસેથી બેટરી નંગ બે રૂ. ૮૦૦૦ મોબાઈલ નંગ ૧ રૂ.૧૦,૦૦૦ મોટરસાયકલ નંગ ૧ રૂ.૩૫૦૦૦ મળી કુલ ૫૩,૦૦૦ નો મુદામાલ જપ્ત કર્યો છે.

**DATE: 05/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-03**

### તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત

# અંકલેશ્વર પોલીસ દ્વારા ૨૦ મૂળ મોબાઈલ માલિકોને પરત કરાયા



। અંકલેશ્વર ।

ગુજરાત રાજ્યના વિવિધ પોલીસ મથકોમાં અરજદારોને તેઓનો મુદ્દામાલ પરત મળે તે હેતુથી પોલીસ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે, ત્યારે «તેરા તુજકો અર્પણ» અભિયાન અંતર્ગત ગુમ થયેલા ૨૦ મોબાઈલ શોધી કાઢી મૂળ માલીકને ભરૂચ જિલ્લાના અંકલેશ્વર GIDC પોલીસ દ્વારા પરત કરવામાં આવ્યા હતા.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર GIDC મથકના PI આર.એચ.વાળાના માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર GIDC પો.સ્ટે.ની ટીમ દ્વારા CEIR પોર્ટલની મદદથી ગુમ થઈ ગયેલ ૨૦ મોબાઈલ ફોન જેની કુલ કિં.રૂ. ૪,૦૦,૫૦૦ શોધી કાઢી મૂળ માલીકોને પરત કરવામાં આવ્યા હતા. અગાઉ એક માસ પહેલા પણ અંકલેશ્વર GIDC પો.સ્ટે.ની ટીમ દ્વારા કુલ ૧૭ જેટલા મોબાઈલ ફોન જેની રૂ. ૦૩,૦૨,૫૦૦ શોધી કાઢી આજ સુધી અંકલેશ્વર GIDC પો.સ્ટે.ની ટીમ દ્વારા દ્વારા કુલ ૩૭ મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે. લોકોએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો

**જીઆઈડીસી પોલીસે ૩૭ મોબાઈલ પરત કર્યા**

**DATE: 05/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ખાણ ખનીજના કર્મીઓને ધક્કે ચઢાવ્યાં હતાં

# અધિકારીઓ પર હુમલો કરનાર ચાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

સુરતની ખાણ ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્કવોર્ડના અધિકારી હિતેશ પટેલ તેમજ તેમની ટીમ ઝઘડિયા જીઆઈડીસીથી ધારોલી થઈ ગામડાઓના રસ્તે નેત્રંગ જઈ રહ્યાં હતાં. અરસામાં અસનાવી ગામે તસ્કરોની બૂમોના કારણે રાત્રી પહેરો ભરતાં યુવાનોએ ટીમ પર હુમલો કરી ધક્કે ચઢાવ્યાં હતાં. તેઓ યુનિફોર્મમાં હોવા સાથે તેમની પાસે આઈકાર્ડ બતાવી પોતાની ઓળખ પણ આપી હતી. છતાં તેઓએ તેમને ધક્કે ચઢાવતાં મામલો ગરમાયો હતો. ટોળાએ તેમને નેત્રંગ પોલીસ મથકે લઈ આવતાં સમગ્ર તથ્ય બહાર આવ્યું હતું. અધિકારીઓએ નેત્રંગ પોલીસમાં પંકજ આર. વસાવા, પંકજ એ. વસાવા, જીજ્ઞેશ એમ વસાવા તેજમ વિપુલ એમ વસાવા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવીહતી. જેના પગલે નેત્રંગ પીઆઈ આર. સી. વસાવાએ ચારેય આરોપીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 06/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વરમાંથી બે જુગારી ઝડપાયા

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર પોલીસે સુરતી ભાગોળ વિસ્તારમાં ચાલતા જુગારધામ પર દરોડા પાડી બે જુગારીયાઓની ધરપકડ કરી હતી. અંકલેશ્વર શહેર પોલીસના સૂત્રોને બાતમી મળી હતી કે અંકલેશ્વર શહેરના સુરતી ભાગોળ વિસ્તારમાં વાવની પાછળ કેટલાક ઈસમો આંકડા ફરકનો જુગાર રમાડી રહ્યા છે, જેના આધારે પોલીસે દરોડા પાડતાં તાડ ફળિયામાં રહેતો જીતુ વસાવા અને સુરતી ભાગોળ વિસ્તારમાં રહેતો અનિલ મેમન જુગાર રમતા રંગે હાથ ઝડપાઈ ગયા હતાં. જ્યારે સૂરતી ભાગોળમાં રહેતી જ્યોતિ વસાવા નામની મહિલા જુગારીને વોન્ટેડ જાહેર કરવામાં આવી છે.

**DATE: 06/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-02**

### ચોરોની અફવાથી સર્તક રહેવા અપીલ

# વાગરા પોલીસ દ્વારા ગામોના આગેવાનો અને સરપંચો સાથે મિટિંગ

## ચોર ટોળકીના વાઈરલ મેસેજથી સાવધ રહી કાયદો હાથમાં નહીં લેવા પણ અપીલ

। વાગરા ।

વાગરાના ગ્રામ્ય વિસ્તારોમાં થોડા દિવસોથી તસ્કરો ચોરી કરવા આવતા હોવાની લોકચર્ચાએ પંથકમાં ભારે જોર પકડયુ છે. જેને પગલે કેટલાક ગામોમાં લોકો રાત્રી જાગીને ચોકીદારી પણ કરી રહ્યા છે. વાગરા પોલીસ દ્વારા સોશ્યલ મિડીયા પર વાયરલ થઈ રહેલ ચોર ટોળકી અંગેના મેસેજથી સતર્ક રહેવા અને કાયદો હાથમાં ન લેવા વિવિધ ગામના આગેવાનો અને સરપંચ સાથે બેઠક યોજીને અપીલ કરવામાં આવી હતી.

ભરૂચ જિલ્લામાં હાલમાં સોશિયલ મિડીયા પર ચોર અંગેના મેસેજ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે જેમાં વિવિધ ગામોમાં ચોર ટોળકી ત્રાટકી જીવલેણ હુમલો કરી ચોરીને અંજામ આપે છે. જેના પગલે ગ્રામજનોમાં રીતસરનો ફફડાટ સાથે ભય ફેલાયો છે ત્યારે કેટલીક જગ્યાએ ગ્રામજનો દ્વારા ગામમાં આવતા અજાણ્યા લોકો પર હુમલો કરી કાયદો હાથમાં લેવામાં આવતો હોવાની ઘટનાઓ પણ સામે આવી છે. સમગ્ર બાબતને ધ્યાને લઈ કોઈ નિર્દોષ માણસ ભોગ ન બને અને લોકો કાયદાના સંઘર્ષમાં આવે નહિ એ બાબતને લઈ વાગરાના પોલીસ મથકના પીઆઈ પી.આર.વાઘેલાએ વિવિધ ગામના અગ્રણીઓ અને સરપંચો સાથે ગતરોજ સાંજના તાબડતોડ મિટીંગ યોજી હતી. આ મિટીંગમાં પી.આઈ. એ જણાવ્યુ હતુ કે, કોઈપણ શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક કરવો અને કાયદો હાથમાં ન લેવા અપીલ કરી હતી.



વાગરા પોલીસે ચોરની અફવા વચ્ચે ગ્રામજનો સાથે બેઠક યોજી હતી.

ભરૂચ જિલ્લામાં સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહેલા મેસેજના કારણે વિવિધ ગામમાં લોકો રાત્રિના ગામની ચોતરફ પહેરો ગોઠવી ઉજાગરો કરી રહ્યા છે. તો બીજી તરફ ગામમાં આવતા અજાણ્યા લોકોને માર મારવામાં આવતો હોવાના બનાવો પણ પ્રકાશમાં આવ્યા છે. ગતરોજ વાલીયા ખાતે નોકરીએ જઈ રહેલ યુવાનને ચોર સમજીને લોકોએ માર માર્યો હતો ત્યારે આવા બનાવો ન બને તે માટે પોલીસ દ્વારા ગામના આગેવાનો અને સરપંચોને જણાવવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં વાગરા, વિલાયત, અરગામા, સલાદરા, રહાડ, પહાજ, મુલેર, સાચણ, કલમ, પીપલીયા, વસ્તીખંડાલી સહિતના ગામોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.